| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ: | ૨૪–૦૪–૨૦૨૪ | | |
| દાખલ તારીખ: | ૨૪–૦૪–૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ: | ૦૨–૦૫–૨૦૨૬ | | |
| **અ વ ધિ :** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૨ | ૦૦ | ૦૮ |

**મહે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.માંડવી–કચ્છ**

**રે.દિ.મુ.નં. ૫૧/૨૦૨૪**
**આંક :– ૨૮/એ**

**મહાવીર એન્ડ મુલ્યા કંપનીના પ્રોપરાઈટર–**
**સોહિલ હરખચંદ દેઢીયા,**
ઉ.વ.૪૪, ધંધો–વેપાર,
રહે.બિદડા, તા.માંડવી–કચ્છ ... **વાદી**

**:: વિ રૂ ઘ્ધ ::**

**મેનેજર સાહેબ, એગ્રોક્રોપ્સ ઈન્ડીયા પ્રાઈવેટ લિમિટેડ,**
**કદાલી મિતલ પ્રા. લિ.,**
ઉ.વ.આ.૩૭, ધંધો–વેપાર, ... **પ્રતિવાદી**
ઠે.સર્વે નં.૧૧૮/૧, ૧૧૮/૨, ભુજ રોડ, મોટા કપાયા,
તા.મુંદરા–કચ્છ

બાબત :– **લેણી રકમ ચડત વ્યાજ તથા દાવા ખર્ચ વિગેરે સહિત વસુલ મળવા અંગેનો દાવો...**

વાદી તરફે વિ.વ.શ્રી એ. ઓ. મેમણ
પ્રતિવાદી તરફે – એકતરફી

**–: ઠ રા વ :–**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી બિદડા મહાવીર

એન્ડ મુલ્યા કંપની નામની ફર્મ ચલાવે છે, વાદી અને પ્રતિવાદી વચ્ચે વેપારના સંબંધો છે જેથી વાદી પાસેથી પ્રતિવાદી અવાર નવાર સીંગદાણા ખરીદ કરતા હતા, વાદી પાસેથી પ્રતિવાદી તા.૩૦–૧૨–૨૦૨૨ ના રોજ ૫૦ કિલોની ૧૯૦ બેગ જે એક કિલોના રૂા.૯૪/– લેખે સીંગદાણા ખરીદ કરેલ જેની નેટ કિંમત રૂા. ૯૩૭૬૫૦/– થાય છે જે બીલ નં.૧૮૫ થી પ્રતિવાદીએ ખરીદ કરેલ, માલ તેમની કંપની ગાડી નં.જીજે–૧૨ એટી–૯૦૧૬ થી મોકલાવેલ તેમજ બીજો માલ તા.૩–૧–૨૦૨૩ ના રોજ ૫૦ કિલોની ૧૨૬ બેગ, એક કિલોના રૂા.૯૪/– લેખે સીંગદાણા ખરીદ કરેલ જેની નેટ કિંમત રૂા.૬૨૧૮૧૦/– થાય છે જે બીલ નં.૧૯૧ થી સીંગદાણા ખરીદ કરેલ, જે માલ તેમની કંપની ગાડી નં.જીજે–૧૨ એટી–૯૦૧૬ થી મોકલાવેલ, આમ કુલ રૂા.૧૫૫૯૪૬૦/– થાય છે, જે સીંગદાણા વાદીની કંપનીએ રવિરાજસિંહ દલાલ હસ્તક સદર સીંગદાણા પ્રતિવાદીને વેંચેલ જે માલની ડીલીવરી પ્રતિવાદીને મળી ગયેલ છે, ત્યાર બાદ બાકીની લેણી રકમ અંગે પ્રતિવાદીએ વાદીને ભરોસો અને વિશ્વાસ આપેલ કે હું જલ્દીથી સદર લેણી રકમ ભરપાઈ કરી આપીશ જેથી વાદી પ્રતિવાદીનો વારંવાર સંપર્ક કરતા તેમ છતા ખોટા વાયદા કરી આજ દિન સુધી રકમ ભરેલ નથી, આમ પ્રતિવાદી લેણી રકમ નહિ ભરવાનો બદઈરાદો સ્પષ્ટ રીતે જણાય આવેલ છે, જેથી પ્રતિવાદીને બાકી નીકળતી લેણી રકમ રૂા.૧૫૫૯૪૬૦/– વાર્ષિક ૧૮% વ્યાજ સહિત ચુકવી આપવા તા.૧૩–૩–૨૦૨૪ ના રોજ રજીસ્ટર્ડ એડી. મારફતે નોટીસ કરેલ છે, જે નોટીસ પ્રતિવાદીને તા. ૧૪–૩–૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે, આમ પ્રતિવાદી નોટીસનો કોઈ જવાબ આપેલ નથી અને સીધી રીતે તેઓની નીકળતી લેણી

રકમ આપે તેમ ન હોય, તેથી પ્રતિવાદીના કસુરે આ દાવો કરવાની ફરજ પડેલ છે.

(૧.૧) દાવાનું કારણ આ કામના પ્રતિવાદીને લેણી રકમ ચુકવી આપવા તા.૧૩–૩–૨૦૨૪ ના રોજ રજીસ્ટર્ડ એડી.થી નોટીસ આપેલ છે જે નોટીસ પ્રતિવાદીને તા.૧૪–૩–૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે જે નોટીસનો પ્રતિવાદીએ કોઈ જવાબ આપેલ નથી કે વાદીની બાકી નીકળતી લેણી રકમ ચુકવેલ નથી, જેથી તા.૧૪–૩–૨૦૨૪ થી આ દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે અને ચાલુમાં છે. દાવા આંક રૂા. ૧૫૫૯૪૬૦/– નો થાય છે જેથી કોર્ટ ફી એકટ મુજબ આ દાવાની કોર્ટ ફી રૂા.૩૧૧૫૦/– સાથે રજુ છે. આ દાવાનું કારણ નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે તેમજ આ કામના વાદી તેમજ પ્રતિવાદી નામદાર કોર્ટની હકુમતમાં રહેતા હોય તેમજ દાવાના આંકની દ્રષ્ટિએ આ દાવો ચલાવવા નામદાર કોર્ટને હકુમત તથા અધિકાર પહોંચે છે. આ દાવાનું કારણ તા.૧૪–૩–૨૦૨૪ ના રોજ ઉત્પન્ન થયેલ છે, જેથી આ દાવો ધી ઈન્ડીયન લીમીટેશન એકટ ૧૯૬૩ મુજબ મુદતની અંદર છે.

(૧.૨) વાદીએ દાવા અરજીના પેરા નં.૭ માં દાદની માંગણી કરી જણાવેલ છે કે, વાદીની લેણી રકમ રૂા.૧૫૫૯૪૬૦/– દાવા તારીખથી વાર્ષિક ૧૮% વ્યાજ સહિત પ્રતિવાદી વાદીને ચુકવી આપે તેવો હુકમ – હુકમનામુ ફરમાવવા, તેમજ કાયદા, હકીકત, પુરાવા તેમજ સંજોગો નજરે મળી શકતી તમામ પ્રકારની દાદ અપાવી ખર્ચ સહિત મંજૂર ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીને દાવા અરજી સંબંધમાં સમન્સ ઈસ્યુ કરતા, પ્રતિવાદીએ સમન્સનું કવર (આંક ૧૧) નહિ સ્વીકારતા રીફ્યુસ્ડના શેરા સાથે પરત આવેલ છે અને તે રીતે પ્રતિવાદીને સદર સમન્સની ધોરણસર બજવણી થઈ ગયેલ તેમ છતા મુદત તારીખે તેઓ જાતે કે વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલ ન હોય કે કોઈ રીપોર્ટ પણ રજુ કરેલ ન હોય, જેથી પ્રતિવાદી વિરૂધ્ધ આ દાવાની કાર્યવાહી એકતરફી આગળ ચલાવવાનો આંક–૧ લગત હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ દાવાના નિર્ણય માટે આંક–૧૨ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે :–

૧. શું વાદી સાબિત કરે છે કે, તેમની પાસેથી પ્રતિવાદીએ તા.૩૦–૧૨–૨૦૨૨ ના રોજ ૫૦ કિલોની ૧૯૦ બેગ જે એક કિલોના રૂા.૯૪/– લેખે સીંગદાણા કુલ રૂા.૯૩૭૬૫૦/– ના બીલ નં.૧૮૫ થી ખરીદ કરેલ તેમજ તા.૩–૧–૨૦૨૩ ના રોજ ૫૦ કિલોની ૧૨૬ બેગ જે એક કિલોના રૂા.૯૪/– લેખે સીંગદાણા કુલ રૂા.૬૨૧૮૧૦/– ના બીલ નં.૧૯૧ થી ખરીદ કરેલ છે ?

૨. શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદી ઉપર કુલ રૂા. ૧૫૫૯૪૬૦/– લેણી રકમ બાકી નીકળે છે અને પ્રતિવાદીએ સદર બાકી નીકળતી લેણી રકમ ચુકવેલ નથી ?

૩. શું વાદી સાબિત કરે છે કે, તકરારી લેણા અંગે તેઓએ પ્રતિવાદીને કાયદેસરની નોટીસ આપેલ છે ?

૪. શું વાદી વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા ?

૫. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૬. શું હુકમ અને હુકમનામું ?

(૪) આ કામે કાઢવામાં આવેલ મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે :–

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. હકારમાં,

૪. અંશત: હકારમાં, વાર્ષિક ૬% લેખે,

૫. અંશત: હકારમાં,

૬. આખરી હુકમ મુજબ.

(૫) આ દાવાના કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે :–

**<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૧૭ | વાદી– મહાવીર એન્ડ મુલ્યા કંપનીના પ્રોપરાઈટર– સોહિલ હરખચંદ દેઢીયાનું પુરાવાનું સોગંદનામુ |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | વિગતો |
|---|---|---|
| (૧) | ૨૦ | બીલ નં.૧૮૫ અસલ |
| (૨) | ૨૧ | બીલ નં.૧૯૧ અસલ |
| (૩) | ૨૨ | ડીલીવરી રીપોર્ટ નં.૧૪૪૦ |
| (૪) | ૨૩ | ડીલીવરી રીપોર્ટ નં.૧૪૨૯ |

| | | |
|---|---|---|
| (૫) | ૨૪ | પ્રતિવાદીને કરવામાં આવેલ નોટીસની સ્થળપ્રત |
| (૬) | ૨૫ | રજીસ્ટર્ડ એડી. કર્યાની પહોંચ અસલ |
| (૭) | ૨૬ | પોસ્ટ વિભાગના ટ્રેક કન્સાઈનમેન્ટની ઓનલાઈન રીપોર્ટની નકલ |
| (૮) | ૨૭ | કલોઝીંગ પુરશીષ |

**(૬)** વાદી તરફે તેમના વિધ્વાન વકીલ શ્રી એ. ઓ. મેમણની મૌખિક દલીલો સાંભળી.

## -: નિર્ણયનાં કારણો :-

**મુદા નં.૧ થી ૬**

**(૭)** ઉપરોકત તમામ મુદ્દાઓની હકીકત પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી પુનરાવર્તન ટાળવાના આશયથી તમામ મુદાઓની ચર્ચા અત્રે એક સાથે કરવામાં આવેલ છે.

હવે આ કામે વાદી- સોહિલ હરખચંદ દેઢીયા તે મહાવીર એન્ડ મુલ્યા કંપનીના પ્રોપરાઈટર એ આંક-૧૭ થી સી.પી.સી. ઓર્ડર-૧૮, રૂલ-૪ મુજબ સોગંદનામા સ્વરૂપે જુબાની રજુ કરેલ છે જે ધ્યાને લેતા તેમાં આંક-૧ ની દાવા અરજી મુજબની વિગતો દોહરાવેલ છે જેથી અત્રે તેની પુન: ચર્ચા કરવામાં આવતી નથી. જયારે આ કામે ઉપરોકત વાદીની સોગંદ પરની જુબાની બિન પડકારાયેલ છે એટલે કે કોઈ જ ઉલટતપાસ કરવામાં આવેલ નથી, તેથી સોગંદ ઉપરની જુબાની જયારે પ્રતિ પક્ષ ધ્વારા બિન પડકારાયેલ રાખવામાં આવી હોય ત્યારે તે નહિ માનવાને કોઈ કારણ નથી.

(૮) વધુમાં, વાદીના કથન અનુસાર તેમની પાસેથી પ્રતિવાદી તા.૩૦-

૧૨–૨૦૨૨ ના રોજ ૫૦ કિલોની ૧૯૦ બેગ જે એક કિલોના રૂા.૯૪/– લેખે સીંગદાણા ખરીદ કરેલ જેની નેટ કિંમત રૂા.૯૩૭૬૫૦/– થાય છે જે બીલ નં.૧૮૫ થી પ્રતિવાદીએ ખરીદ કરેલ, માલ તેમની કંપની ગાડી નં.જીજે–૧૨ એટી–૯૦૧૬ થી મોકલાવેલ તેમજ બીજો માલ તા.૩–૧–૨૦૨૩ ના રોજ ૫૦ કિલોની ૧૨૬ બેગ, એક કિલોના રૂા. ૯૪/– લેખે સીંગદાણા ખરીદ કરેલ જેની નેટ કિંમત રૂા.૬૨૧૮૧૦/– થાય છે જે બીલ નં.૧૯૧ થી સીંગદાણા ખરીદ કરેલ, જે માલ તેમની કંપની ગાડી નં.જીજે–૧૨ એટી–૯૦૧૬ થી મોકલાવેલ અને સદર સીંગદાણા પ્રતિવાદીને વેંચેલ જે માલની ડીલીવરી પ્રતિવાદીને મળી ગયેલ છે, જે સંદર્ભે વાદી પક્ષ ધ્વારા આંક–૨૦, ૨૧, ૨૨ તથા ૨૩ થી બીલ નં.૧૮૫, બીલ નં.૧૯૧, ડીલીવરી રીપોર્ટ નં.૧૪૪૦ તથા ડીલીવરી રીપોર્ટ નં.૧૪૨૯ અસલ રજુ કરેલ છે જેનાથી વાદીએ જણાવેલ ઉપરોકત હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં, સદર બન્ને બીલો (ઈન્વોઈસ) ધ્યાને લેવામાં આવે તો તેમા કન્સાઈની તથા બાયરમાં પ્રતિવાદીના ધંધાકીય એકમનું નામ લખેલ હોવાનું તથા વિગતમાં પ્રતિવાદીએ ખરીદ કરેલ માલનું વર્ણન, જથ્થો, ભાવ, કુલ રૂપિયા વિગેરે વિગતો લખેલ હોવાનું ફલિત થાય છે. આમ, વાદી પાસેથી પ્રતિવાદીએ જુદી જુદી તારીખે અલગ અલગ બીલ નંબરથી માલ (સીંગદાણા) ની ખરીદી કરેલ હોવાનું તેમજ પ્રતિવાદી ઉપર કુલ રૂા.૧૫૫૯૪૬૦/– લેણી રકમ બાકી નીકળતી હોવાની હકીકત પુરવાર થાય છે.

વધુમાં, વાદીના કથન અનુસાર બાકીની લેણી રકમ અંગે પ્રતિવાદીએ વાદીને ભરોસો અને વિશ્વાસ આપેલ કે હું જલ્દીથી સદર લેણી રકમ ભરપાઈ કરી આપીશ જેથી વાદી પ્રતિવાદીનો વારંવાર

સંપર્ક કરતા તેમ છતા ખોટા વાયદા કરી આજ દિન સુધી રકમ ભરેલ નથી, આમ પ્રતિવાદી લેણી રકમ નહિ ભરવાનો બદઈરાદો સ્પષ્ટ રીતે જણાય આવેલ છે, જેથી પ્રતિવાદીને બાકી નીકળતી લેણી રકમ રૂા.૧૫૫૯૪૬૦/- વાર્ષિક ૧૮% વ્યાજ સહિત ચુકવી આપવા તા. ૧૩-૩-૨૦૨૪ ના રોજ રજીસ્ટર્ડ એડી. મારફતે નોટીસ કરેલ છે, જે નોટીસ પ્રતિવાદીને તા.૧૪-૩-૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે પરંતુ પ્રતિવાદીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેના સમર્થનમાં આંક-૨૪ થી પ્રતિવાદીને કરવામાં આવેલ નોટીસની સ્થળપ્રત, આંક-૨૫ થી રજીસ્ટર્ડ પોસ્ટ એડી. કર્યાની પહોંચ તથા આંક-૨૬ થી પોસ્ટ વિભાગના ઓનલાઈન ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટની નકલ રજુ કરેલ છે. જે સંદર્ભે પ્રતિવાદીને સદર નોટીસ યોગ્ય રીતે મોકલેલ જે બજી જવા છતાં પ્રતિવાદીએ કોઈ ચોકકસ બચાવ રજુ કરેલ નથી કે વાદીના ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું પ્રતિવાદી તરફે કોઈ ખંડન કરાયેલ નથી કે પ્રતિવાદીએ તેમના બચાવનો કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી. આ સંજોગોમાં વાદી પક્ષ તરફથી રજુ થયેલ ઉપરોકત પુરાવા નહિ માનવાને અન્ય કોઈ કારણ જણાય આવતું નથી. આ કામે રજુ કરેલ બીલો/ઈન્વોઈસ મુજબ પ્રતિવાદી ઉપર માલ (સીંગદાણા) ની ખરીદીના રૂા.૧૫૫૯૪૬૦/- બાકી રહે છે તેમજ વાદી ધ્વારા પ્રતિવાદીને લેણી રકમની નોટીસ મોકલવામાં આવેલી તે હકીકત પણ વાદી સાબિત કરી શકેલ છે. આમ, વાદી પક્ષ તરફે ઉપરોકત રજુ થયેલા પુરાવાથી માનવાને કારણ જણાતું હોય કે પ્રતિવાદી પાસેથી રૂા.૧૫૫૯૪૬૦/- બાકી લેણા નીકળે છે. વધુમાં, પ્રતિવાદીએ સદર લેણી રકમ આજ દિન સુધી વાદીને ચુકવેલ નથી તેમજ વાદી પક્ષે તકરારી લેણા અંગે પ્રતિવાદીને કાયદેસરની

નોટીસ આપેલ હોવાનું પુરવાર થાય છે. જેથી **મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

(૯) આ કામના પ્રતિવાદીને સમન્સની ધોરણસર બજવણી થયેલ છે તેમ છતાં પ્રતિવાદીએ અદાલતમાં હાજર રહેવાનું મુનાસિફ માનેલ નથી તેમજ એવું અનુમાન થઈ શકે કે પ્રતિ પક્ષ સોગંદ ઉપરની જુબાનીને સાચી માનીને ચાલે છે, આ સંજોગોમાં વાદીની જુબાનીની હકીકતો તેમજ રજુ થયેલા દસ્તાવેજો માનવામાં આવે છે.

(૧૦) વાદીનો હાલનો દાવો પ્રતિવાદીએ તેઓ પાસેથી ખરીદ કરેલ માલ (સીંગદાણા) ની બાકી લેણી રકમ વ્યાજ સહિત તથા દાવાના ખર્ચ સહિતની રકમ મળવા માટેનો છે અને તે લેણી રકમ અંગે કોઈ તકરાર નથી ત્યારે વાદીએ રજુ કરેલ પુરાવાથી પુરવાર કરેલ છે કે વાદીની લેણી રકમ રૂા.૧૫૫૯૪૬૦/- પ્રતિવાદી પાસે નીકળે છે અને વાદીને પોતાની લેણી રકમ મેળવવા માટે હકક છે તેવુ પ્રસ્થાપિત થતું હોય, તેવી લેણી રકમ વાદીને અપાવવી જરૂરી બને છે અને અદાલતને વાદીની લેણી રકમ અપાવવા માટેની હકુમત પહોંચે છે. અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે, આ દાવાનું કામ પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી આગળ ચલાવવાનો હુકમ થયેલ હોવાથી હાલના દાવાને કોઈ કાયદાકીય બાધ નડતો હોય તેવી કોઈ તકરાર પ્રતિવાદી તરફે ઉપસ્થિત કરવામાં આવેલ નથી.

(૧૧) હવે જયારે વાદીની સોગંદ પરની જુબાની અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવા મુજબ વાદી કાયદેસરના બાકી લેણા રૂા.૧૫૫૯૪૬૦/-

પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર બનેલ છે અને વાદીએ દાવા અરજીમાં બાકી લેણી રકમ વસુલ થતા લગી વાર્ષિક ૧૮% લેખે વ્યાજ સહિત ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે ત્યારે હાલનો દાવો નાણા વસુલ મેળવવા માટેનું હુકમનામુ મેળવવા અંગેનો અને વાદીની મુદલ રકમ રૂા.૧૫૫૯૪૬૦/– પુરાવાથી નકકી થતી હોય, ત્યારે સી.પી.સી. કલમ–૩૪ મુજબ તે રકમ ઉપર દાવા તારીખથી રકમ વસુલ થતાં લગી વાર્ષિક ૬% લેખે વ્યાજ ચુકવવું વ્યાજબી અને ન્યાયોચિત ગણાશે. જેથી **મુદૃા નં.૪ નો જવાબ અંશત: હકારમાં** આપવામાં આવે છે.

**(૧૨)** આમ, પ્રતિવાદી પક્ષે વાદીના રજુ થયેલ પુરાવાને પડકારવામાં આવેલ નથી કે વાદીના પુરાવાને નકારતો કોઈ પુરાવો પ્રતિવાદી તરફે રજુ નથી તેવા સંજોગોમાં વાદીનું પ્રતિવાદી પાસે કાયદેસરનું લેણું પુરવાર થયેલ ગણવામાં આવે છે, જેથી રજુ થયેલ વાદીના સરતપાસના સોંગદનામા અને દસ્તાવેજી પુરાવા પરથી ઉપરોકત હકીકત ન માનવા માટે કોઈ કારણ જણાય આવતુ નથી. સદરહું દાવામાં પ્રતિવાદીને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં જવાબ રજુ કરેલ નથી, એટલું જ નહિ પરંતુ દાવાના પુરાવાની કાર્યવાહીમાં પણ હાજર રહેલ નથી, તેથી વાદીની સોગંદ પરની જુબાની પડકારાયેલ નથી તેવા સંજોગોમાં તેવું અનુમાન થઈ શકે કે પ્રતિ પક્ષ સોગંદ પરની જુબાનીને સાચી માને છે, સોગંદ પરની જુબાનીને ન માનવાને કોઈ વ્યાજબી કારણ જણાતું નથી. આ સંજોગોમાં વાદીની જુબાની તેમજ રજુ થયેલા દસ્તાવેજો માનવામાં આવે છે. આમ, પ્રતિવાદી તરફથી વાદી કરતાં વધુ સબળ પુરાવા રજુ થયેલ ન હોય ત્યારે પ્રતિવાદી પાસે સબળ

પુરાવા ન હોવાનું અનુમાન કરવું પડે તેમ જણાય છે અને વાદી પ્રતિવાદી પાસેથી પોતાની લેણી રકમ મેળવવા હકકદાર છે અને વાદીને દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણેનું દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આમ, ઉપર મુજબની ચર્ચાના અંતે વાદી પોતાના દાવાની મહત્વની હકીકતો સાબિત કરી શકેલ હોય, જે સંજોગોમાં **મુદા નં.૫ નો જવાબ અંશત: હકારમાં** આપી, ન્યાયના હિતમાં **મુદા નં.૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ** કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

- વાદીનો દાવો આથી **અંશત: મંજૂર** કરવામાં આવે છે.
- આ કામના પ્રતિવાદીએ વાદીને બાકી લેણા પેટે રૂા.૧૫૫૯૪૬૦/– (અંકે રૂપિયા પંદર લાખ ઓગણસાઈઠ હજાર ચારસો સાઈઠ પુરા) દાવા તારીખથી મંજૂર કરેલ લેણી રકમ વસૂલ થતા સુધી વાર્ષિક ૬% લેખે વ્યાજ સહિત ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.
- વાદીને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચુકવવો તથા પ્રતિવાદીએ દાવાનો ખર્ચ જાતે ભોગવવો.
- હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૦૨–૦૫–૨૦૨૬
**સ્થળ :** માંડવી

**(શ્રીમતિ સ્વાતિ ખત્રી)**
પ્રિન્સિપાલ સિવિલ જજ, માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૧૭